મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૩૪ ટકા
ગાંધીનગર તાપમાન

મહાનગર આજે 'મહાદેવમય' બન્યું

પંચદેવ મંદિર, ધોળેશ્વર મહાદેવ અને વાસણિયા મહાદેવ ખાતે મેળામાં જનમેદની ઉમટી : શિવાલયોમાં ચાર પ્રહર પૂજા, મહાઆરતી, લઘુરૂદ્ર યોજાયા : હર હર મહાદેવના નારાથી શિવાલયો ગૂંજી ઉઠ્યા : શ્રદ્ધાળુઓએ ભાંગ પ્રસાદી ગ્રહણ કરી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના શિવમંદિરો આજે બમ બમ ભોલે અને ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યાં હતા. શહેરમાં મહાશિવરાત્રીના પર્વની ભાવિકો દ્વારા હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. શહેરના શિવ મંદિરોમાં ચાર પ્રહર પૂજા, લઘુરૂદ્ર હોમાત્મક, પંચાક્ષર મંત્ર, ષોડશોપચાર અભિષેક તથા અખંડ મહાધૂન અને મહા આરતી પૂજા જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયાં હતા. આ સાથે ગાંધીનગરના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરે, પૌરાણિક ધોળેશ્વર મહાદેવ તથા વાસણિયા મહાદેવ ખાતે ભરાયેલા લોક મેળામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.

ભગવાન ભોળાનાથના મહાપર્વ એવા મહા શિવરાત્રીની ઉજવણીમાં ગાંધીનગર લીન બન્યું હતું. શ્રદ્ધાળુ શહેરીજનોએ આજે ઉપવાસ કર્યા હતા અને શિવમંદિરોમાં આયોજિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનો લહાવો લીધો હતો. વહેલી સવારથી શ્રદ્ધાળુઓએ મહાદેવજીને અભિષેક કરવા લાંબી કતારો લગાવી હતી. ભાવિકોએ આજે મહાદેવજીને દૂધ, જળ, બિલિપત્ર વગેરેનો અભિષેક કરવા સાથે મહામૃત્યુજંય જાપ સહિત મંત્રોચ્ચાર કર્યા હતા. અબાલવૃદ્ધ સૌ કોઈ આજે શહેરના સુશોભિત શિવાલયોમાં ભગવાન શિવના દર્શન કરી ધન્ય બન્યાં હતા. શહેરના શિવાલયોમાં પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યાં હતા.

સેક્ટર-૨૨ના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરે ચાર પ્રહરની પૂજા, મહાઆરતી-પ્રસાદ ઉપરાંત પરંપરાગત લોકમેળાનું આયોજન કરાયું હતું. જેનો શ્રદ્ધાળુઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. બપોર પછી અહીં લોકમેળામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. ગાંધીનગરના પૌરાણિક ધોળેશ્વર મહાદેવ ખાતે પણ ચાર પ્રહરની પૂજા, ષોડશોપચાર, મહાઆરતી, સત્સંગ-પ્રસાદ વગેરેના આયોજન સાથે લોકમેળો ભરાયો હતો. અહીં શ્રદ્ધાળુઓએ સાબરમતી સ્નાનનો લાભ લીધો હતો. શહેરથી માણસા રોડ પરના સુપ્રસિદ્ધ વાસણિયા મહાદેવ ખાતે પણ ભાવિકોએ મોટી સંખ્યામાં ઉમટીને ચાર પ્રહર પૂજા, ષોડશોપચાર-મહાઆરતી તથા લોકમેળાનો આનંદ માણ્યો હતો. સમગ્ર મંદિર સંકુલ હર હર મહાદેવના નારાથી ગૂંજી ઉઠ્યુ હતુ.

આ ઉપરાંત ગાંધીનગરમાં સે. ૨૧માં વૈજનાથ મહાદેવ, સે. ૧૬માં સોમનાથ મહાદેવ, સે. ૬માં ભુવનેશ્વર મહાદેવ, સે. ૮માં ત્ર્યંબકેશ્વર મહાદેવ, સે. ૩-ડીમાં રામેશ્વર મહાદેવ, સે. ૬માં ચંદ્રમૌલેશ્વર મહાદેવ, સે. ૪માં ઓમકારેશ્વર મહાદેવ, સે. ૨-બીમાં ચંદ્રમૌલેશ્વર મહાદેવ તથા સે. ૨૮ના દત્ત મંદિર સહિતના તમામ શિવાલયોમાં મહા શિવરાત્રી નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં લઘુરૂદ્ર હોમાત્મક યજ્ઞ, મહાઆરતી-છપ્પનભોગ, ચાર પ્રહર પૂજા, અખંડ મહાધૂન, ધજા આરોહણ સહિતનો સમાવેશ થાય છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ આ ધાર્મિક કાર્યક્રમોનો લાભ ઉઠાવ્યો હતો અને સાથે ભાંગ પ્રસાદી પણ ગ્રહણ કરી હતી.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા સે. ૩-ડી રામેશ્વર મંદિર ખાતે શિવરાત્રીના પાવન પ્રસંગે બર્ફીલા અમરનાથ, આત્મખોજ પ્રદર્શન અને વેલ્યુ ગેમનું આયોજન કરાયું હતું. સે. ૩ રામેશ્વર મહાદેવ મંદિર ખાતે આજે હજજારો ભક્તોએ બાબા વર્ફીલા અમરનાથના દર્શન કરી આત્મખોજ પ્રદર્શન નિહાળી આનંદ વ્યક્ત કર્યો હતો. ઉદ્‌ઘાટન પ્રસંગે શહેરના રાજકીય આગેવાનો, વેપારીઓ, નાગરીકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર સાહિત્ય સભાનો વાર્ષિકોત્સવ અને સંત સાહિત્ય સંદર્ભ કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સાહિત્ય સભાનો વાર્ષિકોત્સવ અને ગુજરાત સંત સાહિત્ય સંદર્ભનો કાર્યક્રમ ગાંધીનગરમાં યોજાયેલ હતો.

માયાબેન ચૌહાણ દ્વારા પ્રાર્થનાથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. પરિસંવાદનું ઉદ્‌ઘાટન નિમ્બાર્ક શોધ સંસ્થાન, હિંમતનગરના નિર્દેશક ગૌરાંગશરણ દેવાચાર્યજી દ્વારા કરાવ્યા બાદ પ્રમુખ નટવરભાઈ હેડાઉ 'વનવિહારી' દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યુ. જ્યારે પુર્વ પ્રમુખ ભરત કવિ 'ઉર્મિલ' દ્વારા સંસ્થાની પ્રગતિનો અહેવાલ આપ્યો અને પરિચયવિધિ કરાવવામાં આવ્યો. અતિથિ વિશેષપદે પુલકભાઈ ત્રિવેદી, વિશેષ ઉપસ્થિત ડૉ. સોમાભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર, સર્વ વિદ્યાલય ગૌરાંગશરણ દેવાચાર્યજી, કનુભાઈ આચાર્ય 'દિલ'-લોક સાહિત્યકાર અને નવલકથાકાર મીર કોમના ભણતલ કવિ-નાટ્યકાર ભીખુ કવિ અને સાહિત્ય ભાવક કપિલ શાહનું શાલ-પુષ્પથી સ્વાગત કરાયુ હતુ. નટવરભાઈ હેડાઉ, હસમુખ મેકવાન, અનંત પટેલ, નટુભાઈ ગજ્જર, મુળજીભાઈ પરિમાર 'દધિ' દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું. પ્રેસ અકાદમીના સચિવ પુલકભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ.

સંત-ગુરૂ ગૌરાંગશરણ દેવાચાર્યજીએ સંત સાહિત્યમાં પૌરાણિક સાહિતયનો રસથાળ પીરસ્યો. કનુભાઈ આચાર્ય દ્વારા ભાણ સંપ્રદાય, નાથ સંપ્રદાય તથા અન્ય સંપ્રદાયીની માહિતી આપી હતી. ભીખુભાઈ કવિએ મીર કોમની કવિઓ-ભક્તોની ઓળખ આપી હતી. મીરકોમના મંજુલાબેન, જાગૃતીબેને મીર કોમના મરસિયા અને લગ્નગીત રજૂ કર્યા. સાહિત્યભાવક કપિલ શાહે પ્રાસંગિક પ્રવચન કર્યુ અને મુળજીભાઈ 'દધિ'એ આભાર વિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતુ. એમ પ્રવક્તા મુળજીભાઈ પરમારએ જણાવેલ છે.

શહેરના ચાર ચિત્રકારોની કલા 'રંગાંજલિ'માં પ્રદર્શિત થશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના ચાર ચિત્રકારોની કલા અમદાવાદના લો ગાર્ડન પાસે આવેલા રવિશંકર રાવલ કલાભવન ખાતે યોજાનાર 'રંગાંજલિ' કાર્યક્રમમાં પ્રદર્શિત થશે. ૧૬ થી ૧૯ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ ચિત્રકલા પ્રદર્શનામાં ગાંધીનગરના ચિત્રકારો ધારા ભાવસાર, અશ્વિન, ભટ્ટ, યજ્ઞેશ ગોહિલ અને અમિત ભાંખરિયાની કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવશે. રવિશંકર રાવલ કલાભવન ખાતે યોજાનારા ચાર દિવસીય પ્રદર્શનને બપોરે ૧૧.૩૦ થી સાંજે ૭.૩૦ સુધી કલારસિકો માણી શકશે. આ ઉપરાંત ૧૭મી ફેબ્રુઆરીએ બપોરે ૨ વાગ્યા પછી કલાકાર બિપીન પટેલ દ્વારા લાઈવ વોટર કલર પેઈન્ટિંગનો ડેમો પણ આપવામાં આવશે. 'રંગાજલિ' કાર્યક્રમમાં વિવિધ ચિત્રકારોની કૃતિઓ પ્રદર્શિત થવાની છે ત્યારે ગાંધીનગરના ચિત્રકારો પણ તેમની કુશળતા કૃતિઓ દ્વારા પ્રદર્શિત કરશે.

એબસ્કવોન્ડરની ટીમે નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર નજીક આવેલ જીઈબી ખાતે આજથી દસ દિવસ અગાઉ એલસીબી પોલીસે જીઈબી પાવર સ્ટેશન સામે આવેલ જોગણી માતાના મંદિર પાછળથી ૧૮ નંગ બોટલ કિ.રૂ.૯૦૦૦ ની ઝડપી પાડી હતી. પરંતુ આ કેસનો આરોપી વોન્ટેડ હતો જેને ગાંધીનગર એબસ્કવોન્ડરની ટીમે ગતરોજ જીઈબી સામે આવેલ કાચા છાપરામાંથી ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર એબસ્કવોન્ડરની ટીમના પીએસઆઈ વી.એમ.ઝાલા અને હે.કો. દિલિપસિંહ, અહેકો.કિરીટકુમાર તેમજ હે.કો મહિપાલસિંહ ટાઉનમાં પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન મહિપાલ સિંહને બાતમી મળી કે સે-૨૧ પોલીસ મથકમાં પ્રોહિબેશનના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝુબેર કાળુભાઈ કાજેડીયા જી.ઈ.બી પાસે આવેલ કાચા છાપરામાં જોવા મળ્યો છે. જેને આધારે એબસ્કવોન્ડરની ટીમે જઈ તપાસ કરતા કાચા છાપરામાંથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આજથી દસેક દિવસ અગાઉ ઉપરોકત આરોપીનો વિદેશી દારુ નંગ-૧૮ કિ.રૂ.૯૦૦૦નો જથ્થો એલસીબી પોલીસે જીઈબી પાવર હાઉસ સામે જોગણી માતાના મંદિર પાછળથી ઝડપી પાડ્યો હતો. આ કેસમાં તે છેલ્લા ૧૦ દિવસથી વોન્ટેડ ત્યારે ગત્ રોજ આરોપીને કાઈમ બ્રાન્ચના એબસ્કવોન્ડર સ્કવોર્ડની ટીમે ઝડપી પાડ્યો હતો.

શહેરના ઘ-૨ કોર્નર પર સોડાની લારી ચલાવતા મહેન્દ્રકાકા સોડાવાળાએ આજે શિવરાત્રીના પાવન પર્વે ૫ હજાર ભક્તોને સવારે ૯ થી સાંજના ૭ કલાક સુધી વિના મુલ્યે લીંબુ શરબતનું વિરણ કર્યુ હતું. મહેન્દ્રકાકાના હાથે લિંબુ શરબત પીવા ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. સોડાવાળા મહેન્દ્રભાઈ વર્ષમાં બે વાર વિનામૂલ્યે શરબતનું વિતરણ કરે છે. જેમાં દેવ-દિવાળી અને શિવરાત્રીનો સમાવેશ થાય છે. ભક્તોને શિવરાત્રીના દિવસે લીંબુ શરબત પીવડાવીને સોડાવાળા કાકાએ આનંદનો ઓડકાર લીધો હતો.

આજે શહેરમાં વેલેન્ટાઈન્સ ડે ઉજવાશે

યુવાનો દ્વારા પ્રિયજન સમક્ષ પ્રેમની અભિવ્યક્તિ કરાશે : શહેરની ગીફ્ટ શોપ્સમાં યુવાનોએ ભેટ સોગાદોની ખરીદી કરી : કેક-ચોકલેટ્સની ખરીદીમાં ધસારો : હોટેલ્સ-રિસોર્ટ ખાતે ડાન્સ વીથ ડીનરના આયોજનો : જ્વેલર્સ દ્વારા વેલેન્ટાઈન સ્પેશિયલ ઓફર્સ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના યુવા હૈયા બુધવારે વેલેન્ટાઈ ડે ની ઉજવણી કરવા થનગની રહ્યાં છે. શહેરની ગીફ્ટ શોપ્સમાં આજે યુવાનોએ પોતાના પ્રિયજન માટે વિવિધ આર્ટિકલ્સની ખરીદી કરી હતી. આ સાથે અનેક યુવાનો દ્વારા ગૃપમાં વેલેન્ટાઈન્સ ડે ની ઉજવણીના આયોજનો કરવામાં આવ્યાં છે. શહેરના વિવિધ રેસ્ટોરન્ટ, હોટેલ્સ તથા રિસોર્ટ્સ ખાતે વેલેન્ટાઈન્સ ડે માટે ખાસ ઓફરો મુકવામાં આવી છે. જ્વેલરીના વેપારીઓએ પણ ખાસ વેલેન્ટાઈન જ્વેલરી પર ડિસ્કાઉન્ટ ઓફરો કરવામાં આવી છે.

શહેરમાં યુવાનોમાં વેલેન્ટાઈન્સ ડે ની ઉજવણીનો થનગનાટ સોશ્યલ મિડીયા થકી વ્યક્ત થઈ રહ્યો છે. વેલેન્ટાઈન્સ ડે અગાઉના દિવસોમાં યુવાનોએ ચોકલેટ ડે, પ્રપોઝ ડે, પ્રોમિસ ડે, હગ ડે જેવા વિવિધ ડેઝ ઉજવ્યા હતા. આ સાથે વેલેન્ટાઈન ડે પર પોતાના પ્રિયજનને ખુશ કરવા શહેરની ગીફ્ટ આર્ટિકલ્સની દુકાનો પર યુવાનોએ વિવિધ આર્ટિકલ્સ જેવા કે સોફ્ટ હાર્ટ શેપ પીલો, કિચેઈન્સ, હાર્ટશેપ મગ, લવકપલ્સ મ્યુઝિકલ આર્ટિકલ સહિત અલગ અલગ ગીફ્ટ્સની ખરીદી કરી હતી. જો કે વેલેન્ટાઈન્સ ડે ના ગ્રિટીંગ્સ કાર્ડ પણ બજારમાં મોજુદ હતા પરંતુ સોશ્યલ મિડિયાના યુગમાં હવે ગ્રિટિંગ્સ કાર્ડઝની ખરીદીમાં યુવાનોનો રસ ઘટી જવા પામ્યો છે. શહેરની કોલેજોમાં યુવાનો દ્વારા વેલેન્ટાઈનની ઉજવણી માટે ગૃપમાં આયોજનો કરવામાં આવ્યાં છે. ખાસ કરીને વેલેન્ટાઈન્સ ડેની ઉજવણીમાં યુવા વિદ્યાર્થીઓના મા-બાપની નજર રહેતી હોય છે તેથી હવે આ પ્રકારે ઉજવણીનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

વેલેન્ટાઈન્સ ડે ની ઉજવણી ચોકલેટ્સ વગર અધૂરી છે અને શહેરના વિવિધ પાર્લરો પર ચોકલેટ્સનો ઉપાડ વધુ રહ્યો હતો. આ સાથે વિવિધ પ્રકારની કેકના ઓર્ડર પણ મોટી સંખ્યામાં એડવાન્સ બુકિંગ થયેલા જોવા મળી રહ્યાં છે. શહેરની વિવિધ હોટેલ્સ, રેસ્ટોરન્ટ અને રિસોર્ટસ દ્વારા ખાસ વેલેન્ટાઈન ડિનર તથા ડાન્સપાર્ટીના આયોજનો હાથ ધરાયાં છે.

વેલેન્ટાઈન્સ ડે માત્ર પ્રેમી-પંખીડા માટે જ નથી

વેલેન્ટાઈન ડે એટલે પોતાના પ્રિયજન સમક્ષ પ્રેમનો એકરાર કરવાનો દિવસ. પ્રિયજન એટલે તે માત્ર પ્રેમી કે પ્રેમિકા જ નહી પરંતુ તમારા અંગત સ્વજનો પણ હોઈ શકે છે. જેમકે માતા-પિતા, મિત્ર, ભાઈ-બહેન, દાદા-દાદી, ગુરૂ કે શિષ્ય અથવા અન્ય. ભારતીય સંસ્કૃતિમાં જેમ વસંત પંચમીનો ઉત્સવ છે તેમ પ્રાશ્ચાત્ય સંસ્કૃતિમાં એજ સમયગાળામાં વેલેન્ટાઈન્સ ડે ઉજવાય છે. એક સંતાન પોતાની માતાને કે પિતાને વેલેન્ટાઈન્સ ડે ની શુભેચ્છા પાઠવી પોતાના આદર સ્નેહને વ્યક્ત કરી શકે છે. વેલેન્ટાઈન્સ ડે એ માત્ર પ્રેમી પંખીડાનો કે પતિ-પત્નિ જેવા યુગલો માટેનો જ દિવસ છે તે ગેરસમજ છે.

દહેગામમાં ત્રણ સ્થળો પરથી ૨૮ લીટર દેશી દારુ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરમા એલસીબી પોલીસે ત્રણ વિવિધ સ્થળો પર દરોડા પાડીને ૨૮ લીટર દેશી દારુ પકડી પાડી તેમજ દેશી દારુ ગાળવાના વોશી લીટર-૧૫૦ નો નાશ કર્યો છે. ગાંધીનગર એલસીબી પોલીસે ત્રણ કેસ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર એલસીબીના અ.હે.કો. સુરેશકુમાર છાજુરામ, ભૌમિક કુમાર કરણસિંહ, પો.કો. હરેન્દ્રસિંહ નટુભાની ટીમ દહેગામ વિસ્તારમાંથી અલગ અલગ સ્થળેથી ત્રણ કેસ નોંધાયા છે. જેમાં પ્રથમ કેસ ફતાજી સોમાજી ઠાકોર રહે.પલાના મઠ સુથારવાસ, દહેગામના ઓકલીવાળા ખેતરમાં રેડ કરી ૧૫ લીટર દેશી દારુ કિ.રૂ.૩૦૦, તેમજ દેશી દારુ ગાળવાનો વોશ કિ.રૂ. ૩૦૦નો જથ્થો ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ બીજો કેસ ભલાભાઈ કાળાભાઈ રાવળ રહે.મટન માર્કેટ પાસે ખાડામાં સરકારી જીમ પાછળ રેઈડ કરીને કુલ ૮ લીટર દેશી દારુ કિ.રૂ.૧૬૦ નો કબ્જે કર્યો છે. જયારે ત્રીજા કેસમાં શંકર લાલાજી ઠાકોર રહે.રાઈસ મીલ પાછળ ઠાકોર વાસ ખોડીયાર માતાના મંદિર સામે ખુલ્લી જગ્યામાં દેશી દારુનો ધંધો કરતો હોવાથી ત્યાં રેઈડ કરતા ૫ લીટર દેશી દારુ કિ.રૂ.૧૦૦ કબ્જે કર્યો છે.આ ત્રણેય કેસમાં ઈસમો પાસેથી કુલ ૨૮ લીટર દેશી દારુ કિ.રૂ.૫૬૦ તેમજ દેશી દારુ ગાળવાનો વોશ ૧૫૦ લીટર કિ.રૂ.૩૦૦ નો સ્થળ પર નાશ કરી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર જીવાજી ગાભાજી -ઉ.વ.૫૦
- સ્વ. લક્ષ્મણભાઈ માધવલાલ રાઠોડ-ઉ.વ.૬૦
- સ્વ. શાંતાબેન મગનલાલ રાઠોડ ઉ.વ.૮૭
- સ્વ. કરશનભાઈ મણીલાલ ચૌહાણ-ઉ.વ.૩૭
- સ્વ. ઓડ શૈલેષભાઈ ફુલાભાઈ -ઉ.વ.૨૩
- સ્વ. નારાયણીબેન શુભાષચંદ્ર ત્રિવેદી - ઉ.વ.૭૭
- સ્વ. ઠાકોર સીતાબેન રામસંગજી ઉ.વ. ૬૩
- સ્વ. અંદેરબા પ્રતાપજી વાઘેલા -ઉ.વ. ૮૨